કુટુંબ કલ્યાણ કાર્યક્રમ અન્વયે લાભાર્થી માટે કેશ કોમ્પેન્સેસન સ્કીમમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાકઃએફપીડબલ્યુ/૧૦૨૦૦૬/૨૦૫૬/બ–૧(ઘ)
સચિવાલય, ગાંધીનગર
તાઃ ૨૩/૧૦/૨૦૦૭.

<u>વંચાણે લીધો</u> :–

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાઃ૨૧/૦૭/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૯૬/જીઓઆઈ/૧૧/ઘ.
(૨) ભારત સરકારશ્રીનો તાઃ૧૨.૦૩.૨૦૦૧નો પત્ર ક્રમાંકઃએન.૨૩૦૧૧/૩૬/૨૦૦૧/પીએલવાય.
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાઃ૨૭/૦૬/૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૯૬/જીઓઆઈ/૧૧/ઘ.
(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાઃ૦૧/૧૧/૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ/૧૦૯૬/ભા.સ./૧૧/ઘ.
(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાઃ૦૯/૦૫/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૨૦૦૬/૧૮૭/ઘ.
(૬) ભારત સરકારશ્રીનો તાઃ૦૩.૧૧.૨૦૦૬નો અ.સ.પત્ર ક્રમાંકઃએન.૧૧૦૧૯/૨/૨૦૦૬– ટીઓ/પીએલવાય.
(૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાઃ૨૬/૧૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૨૦૦૭/૨૦૫૬/ઘ.
(૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાઃ૨૩/૦૪/૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૨૦૦૬/૧૮૭/ઘ.
(૯) ભારત સરકારશ્રીનો તાઃ૦૭.૦૯.૨૦૦૭નો પત્ર ક્રમાંકઃએન.૧૧૦૧૯/૨/૨૦૦૬–ટીઓ/પીએલવાય.
(૧૦) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આરોગ્ય), ગાંધીનગરનો તાઃ૨૮ /૦૯/૨૦૦૭ની દરખાસ્ત.

## <u>ઠરાવ</u> :

વિભાગના આમુખ(૭)ના ઠરાવ મુજબ કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ સ્ત્રી / પુરૂષ નસબંધી ઓપરેશનના લાભાર્થીઓને અને આઈ.યુ.ડી. ઈન્સરશનનાં લાભાર્થીઓને ફેરફાર સાથે કેસ કોમ્પેન્સેશન યોજના તાઃ૦૩/૧૧/૨૦૦૬થી અમલમાં છે. કુટુંબ કલ્યાણ કાર્યક્રમની ગુણવત્તા સુધારવા કુટુંબ નિયોજનની જરૂરીયાતોને પહોંચી વળવા તેમજ દવા–ડ્રેસીંગની વધેલી કિંમતોને ધ્યાનમાં લઈને ભારત સરકારના આમુખ(૯)ના પત્રથી કુટુંબ કલ્યાણ કાર્યક્રમની ગુણવત્તા સુધારવા તથા દવા ડ્રેસીંગની વધેલી કિંમતોને ધ્યાનમાં લઈ સુધારો સુચવેલ છે. આથી સંદર્ભ(૭)નો ઠરાવ રદ કરી નવેસરથી રાજય સરકારે નીચે મુજબના કુટુંબ કલ્યાણના લાભાર્થીઓ માટે આ સાથે સામેલ ગાઈડ–લાઈન(એનેક્ષેર–બી અને ડી) મુજબ કેશ કોમ્પેન્સેસન ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**લાભાર્થીઓને ચુકવવામાં આવનાર કેસ કોમ્પેન્સેશનની વિગત**

| અ.નં. | વિગત | સ્ત્રી નસબંધી બી.પી.એલ/ એસ.સી./એસ.ટી. લાભાર્થી માટે | સ્ત્રી નસબંધી એ.પી.એલ. લાભાર્થી માટે | તમામ પુરૂષ નસબંધી લાભાર્થી માટે | આઈ.યુ.ડી. માટે |
|---|---|---|---|---|---|
| ૦૧. | લાભાર્થીને રોકડ સહાય (લોસ ઓફ વેઈઝીસ) | રૂા.૬૦૦/– | રૂા.૨૫૦/– | રૂા.૧૧૦૦/– | – |
| ૦૨. | મોટીવેટર ચાર્જ (સેલ્ફ મોટીવેશન/ ASHA/ જયા ASHA નથી ત્યાં લીંક વર્કર/ એ.એન.એમ./ ફીમેલ હેલ્થ વર્કર/ આંગણવાડી વર્કર/ આરોગ્ય ગ્રામમિત્ર અથવા અન્ય કોઈપણ ખાનગી મોટીવેટર | રૂા.૧૫૦/– | રૂા.૧૫૦/– | રૂા.૨૦૦ | – |
| ૦૩. | ડ્રગ અને ડ્રેસીંગ મટીરીયલ | રૂા.૧૦૦/– | રૂા.૧૦૦/– | રૂા.૫૦/– | રૂા.૨૦/– |
| ૦૪. | સર્જન ચાર્જ (ખાનગી / સરકારી) | રૂા.૭૫/– | રૂા.૭૫/– | રૂા.૧૦૦/– | – |
| ૦૫. | એનેસ્થેટીકસ ચાર્જ | રૂા.૨૫/– | રૂા.૨૫/– | – | – |
| ૦૬. | સ્ટાફ નર્સ | રૂા.૧૫/– | રૂા.૧૫/– | રૂા.૧૫/– | – |
| ૦૭. | સર્જનના મદદનીશ (ઓટી ટેકનીશીયન) | રૂા.૧૫/– | રૂા.૧૫/– | રૂા.૧૫/– | – |
| ૦૮. | ડાયેટ ચાર્જ (રીફ્રેશમેન્ટ) | રૂા.૧૦/– | રૂા.૧૦/– | રૂા.૧૦/– | – |
| ૦૯. | કેમ્પ મેનેજમેન્ટ | રૂા.૧૦/– | રૂા.૧૦/– | રૂા.૧૦/– | – |
| | **કુલ :–** | **રૂા.૧૦૦૦/–** | **રૂા.૬૫૦/–** | **રૂા.૧૫૦૦/–** | **રૂા.૨૦/–** |

૨. વિભાગના આમુખ(૪)માં જણાવેલ ઠરાવથી સરકાર માન્ય કુટુંબ કલ્યાણ સેવાકેન્દ્રો (Accrediated Private/NGO Facilities, સ્વૈચ્છિક સંસ્થાઓ/પ્રાઈવેટ પ્રેકટીશનરો)ને વળતર ચુકવવામાં આવે છે. ભારત સરકારશ્રીના આમુખ (૯)માં જણાવેલ પત્રથી કેસ કોમ્પેન્સેશનમાં વધારો કરતાં આથી હવે સરકાર માન્ય કુટુંબ કલ્યાણ સેવાકેન્દ્રો (Accrediated Private/ NGO Facilities, સ્વૈચ્છિક સંસ્થાઓ/પ્રાઈવેટ પ્રેકટીશનરો)ને નીચે મુજબ કેસ કોમ્પેન્સેશનમાં વધારો કરવામાં આવે છે. આમુખ(૪)ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

| અ.નં. | વિગત | સ્ત્રી નસબંધી બી.પી.એલ/ એસ.સી./એસ.ટી. લાભાર્થી માટે | પુરૂષ નસબંધી તમામ લાભાર્થી માટે |
|---|---|---|---|
| ૦૧. | ખાનગી પ્રેકટીશનર (સર્જન) ચાર્જ | રૂા.૧૩૫૦/– | રૂા.૧૩૦૦/– |
| ૦૨. | મોટીવેટર ચાર્જ (સેલ્ફ મોટીવેશન/ ASHA/ જયા ASHA નથી ત્યાં લીંક વર્કર/ એ.એન.એમ./ ફીમેલ હેલ્થ વર્કર/ આંગણવાડી વર્કર/ આરોગ્ય ગ્રામમિત્ર અથવા અન્ય કોઈપણ ખાનગી મોટીવેટર | રૂા.૧૫૦/– | રૂા.૨૦૦/– |
| | કુલ :– | **રૂા.૧૫૦૦/–** | **રૂા.૧૫૦૦/–** |

૪. કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ થતા ઓપરેશનને લીધે લાભર્થીના મૃત્યુ / કોમ્પ્લીકેશન અને નિષ્ફળતાના કિસ્સામાં કુટુંબ નિયોજન વિમા યોજના સરકારશ્રીના આમુખ(૮)થી અમલમાં મુકેલ છે. તે અંતર્ગત જરૂરી કાર્યવાહી કરવાની રહેશે અને વળતરની રકમ વિમા કંપની પાસેથી મેળવવાની રહેશે.

૫. કેમ્પ મેનેજમેન્ટ ફંડમાંથી પુરૂષ નસબંધી/સ્ત્રી નસબંધી કે આઈ.યુ.ડી. કામગીરી અંગે સંબંધિત જરૂરી ફોર્મ્સ / રીસીપ્ટસ વગેરે છપાવવા માટે પુરૂષ / સ્ત્રી નસબંધીના કેસ દીઠ રૂા.૫/– નો ખર્ચ કરી શકાશે. તેમજ કેમ્પના આયોજન અંતર્ગત થતા પરચુરણ ખર્ચ તેમજ ખાનગી સર્જન / સંસ્થાને માન્યતા આપવા અંગે થનાર મીટીંગ ખર્ચ વિગેરે ખર્ચ કરી શકાશે.

૬. સરકારી સંસ્થામાં સર્જનની અછત હોય ત્યારે ખાનગી સર્જન સરકારી સંસ્થામાં આવીને લાભાર્થી માટે કુટુંબ કલ્યાણ ઓપરેશનની વાઝેકટોમી અંગેની સેવા પુરી પાડશે તો રૂા.૧૦૦/– અને સ્ત્રી નસબંધી માટે સેવા પુરી પાડશે તો રૂા.૭૫/– સર્જન ચાર્જ તરીકે મળવાપાત્ર થશે. સર્જનશ્રીએ લોકલ એનેસ્થેસીયા આપીને ઓપરેશન કરેલ હશે તો ઓપરેટીંગ સર્જનને એનેસ્થેટીકસ ચાર્જ તરીકે રૂા.૨૫/– વધારાના મળવાપાત્ર થશે.

૭. આમુખ(૯)માં જણાવેલ ભારત સરકારશ્રીની સુચના પ્રમાણે તાઃ૦૭.૦૯.૨૦૦૭થી અમલમાં આવશે.

૮. આ અંગેનો ખર્ચ **RCH-II Flexible pool** હેઠળ ફાળવવામાં આવેલ ફંડમાંથી કરવાનો રહેશે.

૯. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્રસચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગની તાઃ ૧૨/૧૦/૨૦૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/–**

**( કે.બી.પટેલ )**
સેકશન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- ✓ અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ✓ કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ.વિ.), ગાંધીનગર.
- ✓ અધિક નિયામકશ્રી(પ.ક.),
  આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ.વિ.), ગાંધીનગર.
- ✓ નાણાં સલાહકારશ્રી.
- ✓ એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- ✓ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- ✓ સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી.
- ✓ સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી.
- ✓ સર્વે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ/અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી.
- ✓ સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ.
- ✓ માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર.
- ✓ વેબસાઈટ, કમિશ્નરશ્રી(આ)ની કચેરી તરફ આ ઠરાવ વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સહ.
- ✓ ફાઈલ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૨૦૦૬/૧૮૭/ઘ.
- ✓ પસંદગી ફાઈલ.

**Annexure D (Modified)**

# Guidelines for Sterilizations done at Accredited Private centers/ NGOs in NHFS (Non High Focus States)

## (A) Sterilizations done at Accredited Private/NGO facilities (Vasectomy for all categories and tubectomy for BPL/SC/ST only)

1. The State should **accredit the private facility/ NGO and empanel its doctors** for providing sterilization services as **per the qualification requirements and criteria for accreditation** (Please refer to the manual on Standards for Female and Male Sterilization Services, Oct.2006. GOI - the Red Book).

2. **A minimum of 2 private facilities** (can be more) should be accredited per block for provision of these services. If the block has only one private center for accreditation, the centers from the neighboring blocks could be recognized for this purpose. Accrediting more private facilities would bring in healthy competition thereby ensuring quality services.

3. An amount of **Rs 1500 instead of the existing Rs.800 would be available for vasectomy and tubectomy services** in these private centers. Out of this accredited private facilities would receive **Rs.1300 for each case of male sterilization and Rs1350 in each case of female sterilization as against the existing Rs.630.**

4. Rs.200 for vasectomy and Rs.150 for tubectomy as against existing Rs150 is towards the payment of the motivator ANM/ ASHA/ AWW/link worker for counseling, motivating and follow up visit of the cases who have undergone sterilization.

5. The package of Rs. 1500 is the government subsidy towards transactional costs of such procedures.

6. **No user fee shall be levied on any client.**

7. **No charges whatsoever for drugs and dressings or other incidental costs should be charged from the client.**

8. It is the clients' choice to go to a Government or an accredited private/ NGO facility. However **if the client chooses to go to an accredited private institution, he shall not be entitled to any compensation money, but the client would be entitled to avail of cashless sterilization service at the private/ NGO facility.** The client shall also be entitled to the motivator's component if he is self motivated.

9. The upper age limit for men undergoing vasectomy in private institutions is 45 years and it is the responsibility of the facility/ motivator/ANM/ ASHA/ AWW/ link worker to ensure this.

10. **The Private/NGO facility should display prominently its accreditation certificate as** well as the range of services provided and the quantum of compensation for the motivators. **It should also display that sterilization services are provided free to all clients** (who furnish voucher issued by a competent authority) with **no user charges whatsoever levied on any client.**

**Mode of payment:** For availing sterilization services at accredited private/ NGO facilities the Motivator/ ANM/ ASHA/ AWW/ link worker should facilitate the acceptor in obtaining a voucher from the district CMO's office/ DH/ SDH/ CHC/ PHC/ SC, which should be deposited with the private facility providing the service. However a self motivated client should take the voucher directly from the district CMO's office and deposit the same with the private facility where the services are to be availed so as to be entitled for the motivator's component as well as the sterilization operation. The private facility would then encash the voucher from the District Health Society on production of proof of the sterilization operation. The validity of cases should be ensured by conducting at least 10% sample check and random checks by the States. **The State Government should devise appropriate mechanism to ensure quality of services, maintenance/monitoring of records and accounting procedures and payment of compensation promptly at the accredited health facilities.**

## B. Sterilizations done at Government Institutions by Empanelled Private Doctors

The empanelled private provider would receive an amount of Rs. 100/- per case of vasectomy and Rs. 75/- per case of tubectomy in a government facility. This would optimize utilization of government institutions where qualified and empanelled service provides are not available for providing sterilization services. In the camp situations where the tubectomy cases are being conducted under local anesthesia administered by the operating surgeon himself in the absence of an anesthetist, the component earmarked for the anesthetist may be paid to the operating surgeon. The fund for this would be meted out from the surgeons' and anesthetists' component in the total compensation package for vasectomy and tubectomy available with the government facility.

**Annexure B**

**The general guidelines and salient features of the new revised scheme are as follows:**

1. Extension of the increased package for **vasectomy to all categories** in all states including APL of Non-High Focus states **both for the public and accredited private/ NGO facilities.**

2. Extension of the increased package for tubectomy to all categories in the High Focus states and **BPL/SC/ST only in Non High Focus** states in the **public sector.**

3. Enhancement of the existing scheme for **APL clients of tubectomy of Non High Focus** States from **Rs 300 to Rs 650** in the **public facilities** in line with the increase to the motivators and service providers for BPL/SC/ST categories to ensure that they don't discriminate between different categories of clients and provide the best possible service to all clients.

4. Extension of the increased package for tubectomy to all categories in the High Focus states and **BPL/SC/ST only in the Non High Focus** States in the **accredited private/ NGO sector**.

5. **No compensation scheme is admissible to APL clients for tubectomy in the Non High Focus states in the accredited private/NGO facilities.**

6. Increasing the Compensation Package from the existing **Rs.800 to Rs.1500 for vasectomy** in public facilities.

7. Increasing the Compensation Package from the existing **Rs.800 to Rs.1000 for tubectomy** in public facilities.

8. Out of the compensation package of Rs.1500 for vasectomy, an amount of **Rs.1100,** and out of the package of Rs.1000 for tubectomy, an amount of **Rs.600** is to be paid to an acceptor as compensation for loss of wages.

9. **No compensation is payable to the acceptor if he or she opts to avail of sterilization services in the accredited private/ NGO sector. However the accredited private/NGO facility is bound to provide the services free to such an acceptor.**

10. As against the existing scheme of paying only to the ASHA/AWWs, it has been approved that **whoever**, whether from the government sector or from the community, **motivates or brings a case for sterilization, would be paid the component earmarked for the motivator both in the public and accredited private/ NGO sector.**

11. **A self motivated client is also entitled to the compensation earmarked for the motivator both in the public and accredited private/ NGO sector.**

12. In states where LHVs and ANMs are manning the services in the camps in place of the regular staff nurses, the **component earmarked for Staff Nurse may be paid to the LHV/ ANMs.**

13. In the camp situations where the tubectomy cases are being conducted under local anesthesia administered by the operating surgeon himself **in the absence of an anesthetist, the component earmarked for the anesthetist may be paid to the operating surgeon.**

**નં:પ.ક./૦૭–૦૮/કુ.ક.૧/સ્ટરીલાઈઝેશન/**
**કેશ કોમ્પેન્સેસન/ઓટી ટેકનીશીયન/૨૦૦૭.**
કમિશ્નરશ્રી ,આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
(આ.વિ.) બ્લોક નં:– ૫, ર્ડા. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. **તા:–૨૯/૧૨/૨૦૦૭.**

## પરીપત્ર :

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રમાંકઃ નં.એન.૧૧૦૧૯/૨/ ૨૦૦૬–ટીઓ/પીએલવાય, તા:૭/૯/૦૭થી કુટુંબ કલ્યાણ કાર્યક્રમ અન્વયે લાભાર્થીને ચુકવવામાં આવતા કેશ કોમ્પેન્સેસનમાં વધારો કરવામાં આવેલ છે. જે અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ/ ૧૦૨૦૦૬/ ૨૦૫૬/ બ–૧(ઘ), તાઃ૨૩/૧૦/૦૭થી લાભાર્થીને ચુકવવામાં આવતા કેસ કોમ્પેન્સેશનમાં સર્જનના મદદનીશ(ઓટી ટેકનીશીયન)ને રૂા.૧૫/– ચુકવવા જણાવેલ છે. આ અંગે જીલ્લાઓની કચેરીઓમાંથી લેખીત તેમજ મૌખિક માર્ગદર્શન માંગવામાં આવેલ છે કે સામુહિક આરોગ્ય કેન્દ્રો/કેમ્પના સ્થળે ઓટી ટેકનીશીયનની જગ્યા મંજુર થયેલ નથી/ભરાયેલ નથી. તેથી તેમની કામગીરી અન્ય કર્મચારી પાસેથી લેવાની થાય છે. તો તેમને કેટલી રકમ ચુકવવી તેની સ્પષ્ટતા માંગવામાં આવેલ છે.

કુટુંબ નિયોજનના કાર્યક્રમમાં લાભાર્થીને ઓપરેશન પહેલાં તપાસવાની કામગીરી સર્જનના મદદનીશ એટલે કે પ્રી–ઓપરેટીગ સર્જન કરે છે તેમજ વર્ગ–૪ના કર્મચારીઓએ ઓપરેશન દરમ્યાન / બાદ મહત્વની કામગીરી કરવાની હોય છે. જેથી અગાઉ તા:૨૬/૧૨/૦૬ના ઠરવામાં સર્જનના મદદનીશ અને વર્ગ–૪ના કર્મચારીને પણ કેસ કોમ્પેન્સેશન ચુકવવામાં આવેલ હતું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૨૦૦૬/૨૦૫૬/બ–૧(ઘ), તાઃ૨૩/૧૦/૦૭થી સર્જનના મદદનીશ(ઓટી ટેકનીશીયન)ને રૂા.૧૫/– ચુકવવા જણાવેલ છે જે અંગે સ્પષ્ટતા કરવાની કે સર્જનના મદદનીશ એટલે કે પ્રી–ઓપરેટીગ સર્જનને તેમાંથી રૂા.૧૦/– અને વર્ગ–૪ના કર્મચારીને રૂા.૫/– ચુકવવાના રહેશે. જો કેમ્પ/સંસ્થા ખાતે ઓપરેશન વખતે / દરમ્યાન વર્ગ–૪ના એક કરતા વધારે કર્મચારીઓની સેવા લેવામાં આવેલ હોય તો તેમાંથી (એટલે કે રૂા.૫/–માંથી) દરેકને સરખે ભાગે પડતી રકમ ચુકવાવની રહેશે. આ અંગે સંબંધકર્તાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના થઈ આવવા વિનંતી છે.

સહી/–
(ર્ડા.અમરજિત સિંહ)
કમિશ્નર
આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી
શિક્ષણ,(આ.વિ.)ગાંધીનગર.

પ્રતિ,

- પ્રોગ્રામ નિયામકશ્રી, પી.પી.યુનીટ, મેડીકલ કોલેજ, તમામ....
- વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, તમામ...
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, તમામ...
- મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જનશ્રી, સીવીલ હોસ્પિટલ, તમામ...
- મુખ્યજિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જિલ્લા પંચાયત તમામ
- અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તમામ....
- મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ, મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ....
- અધિક્ષકશ્રી, સા.આ.કેન્દ્ર/કોટેજ હોસ્પિ./સરકારી હોસ્પિટલ, તમામ...
- બ્લોક હેલ્થ ઓફીસર, તમામ..
- શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્રો, સ્થાનિક/સ્વૈચ્છિક/ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા, તમામ..
- સરકાર માન્ય કુટુંબ કલ્યાણ સેવાકેન્દ્રો, તમામ..
- હિસાબી અધિકારી(પ.ક.), મજુકર કચેરી, ગાંધીનગર.
- હિસાબી અધિકારી(સ્કોવા), મજુકર કચેરી, ગાંધીનગર.